C.C.No : 1/2019

દાખલ કર્યા તારીખ :– ૦૧– ૦૧–૨૦૧૯

રજીસ્ટર કર્યા તારીખ :– ૦૧– ૦૧–૨૦૧૯

ફેસલ કર્યા તારીખ :– ૦૧– ૦૧–૨૦૧૯

સમય મર્યાદા :– ૦ વર્ષ ૦ માસ ૦ દિવસ

सत्यमेव जयते

**ભેસાણનાં મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલતમાં, મું.ભેસાણ,**

ફોજદારી કેસ નંબર :– ૧/૨૦૧૯

આંક :–૦૬

શ્રી સ ર કા ર ........... ફ રી યા દી

વિ રુ ધ્ધ

અતુલ ભાઈ ભીખુભાઈ મોવલીયા, ઉ.વ.૩૪
રહે. ચુડા, તા. ભેસાણ, જી. જુનાગઢ ........... આ રો પી

સરકારશ્રી તરફે :– વિ.એ.પી.પી.શ્રી વાય.આઈ.ઘાસુરા

આરોપી તરફે :– વિ.વ.શ્રી એન.એમ.ડાંગર

ગુન્હો:– ધી પ્રોહીબીશન એકટની કલમની કલમ–૬૬(૧)(બી) મુજબ.

// ઠ રા વ //

(૧) આ કામે ફરીયાદ પક્ષની ટુંકમાં વિગત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૮–૧૨–૨૦૧૮ ના રોજ કલાક ૧૮.૦૦ વાગ્યે ચુડા ગામમાં ગેરકાયદેસર વગર પાસ પરમીટે જાહેરમાં કેફીપીણું પીધેલી હાલતમાં મળી આવી પકડાઈ જઈ ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૬ (૧)(બી) મુજબનો ગુનો કરેલ છે. જે અંગેની સરકાર

તરફે શ્રી સ.ત. હસમુખભાઈ ચંદુભાઈએ ભેસાણ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતા, ભેસાણ પોલીસ સ્ટેશને પ્રોહી. ગુના રજી. નં. ૫૧૨૦/૨૦૧૮ થી નોંધી લઈ, આગળની તપાસ તેઓએ સંભાળી લેતા, તપાસ દરમ્યાન હાલના આરોપી વિરુધ્ધ ગુનો બનતો હોઈ આરોપી સામે ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આ કામના આરોપી વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ:૬૬(૧)(બી) મુજબના ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં પોલીસે રજુ કરતાં પોલીસ પેપર્સની નકલો આરોપીને પુરી પાડી આક્ષેપાયેલ ગુના સંબંધે આરોપીની સામે **આંક–૩** થી પ્લી નોંધવામાં આવેલ છે જેમાં તેઓએ તેમની સામેના ગુનાનો સ્વીકાર કરતાં કબુલાત સ્વૈચ્છિક હોવાની ખાત્રી કરવામાં આવી,તે બાદ આરોપી તરફથી અલગથી ગુના કબુલાત પુરશીશ **આંક– ૪** થી રજુ કરવામાં આવેલ છે તેમાં પણ આરોપીએ સ્વૈચ્છિક ગુનો કબુલ કરતા હોવાનું જણાવી તેનો પ્રથમ ગુનો છે ગરીબ બાલ બચ્ચા– વા ળા છે. વૃધ્ધ મા–બાપ ની જવાબદારી છે. જેથી હળવી સજા તથા દંડ કરવા અરજ કરેલ છે.આ કામે આરોપી સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતો હોય તેને તકસીરવાન ઠરાવ્યા સિવાય કોર્ટ પાસે કોઈ વિકલ્પ નથી. આ કામે આરોપીએ કાયદાની આંટીઘુંટીનો લાભ મેળવવા પ્રયત્ન કર્યા વગર સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ છે તથા કબુલાત પુરશીશ દર્શાવેલ કારણોસર હળવી સજાઅને દંડ કરવા અરજ કરેલ છે તે સંજોગોમાં નામદાર ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેન્ચે સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરખચંદજી ઠાકોર – ૨૦૦૫ જી.એલ.આર. પેજ ૭૦૯થી નોંધાયેલ ચુકાદામાં ઠરાવેલ છે કે જો આરોપીનો પ્રથમ ગુનો હોય અને હળવી સજા કરવા માટે કારણો જણાઈ આવતા હોય તો કોર્ટ કાયદામાં ઠરાવેલ મહતમ સજા કરતા પણ ઓછી સજા ફરમાવી શકે છે. જે સિધ્ધાંત હાલના કિસ્સામાં યોગ્યપણે લાગુ પડતો હોવાનું મારૂં માનવું છે તેમજ આરોપીએ સજા કરવામાં આવે તો આરોપી રીઢા ગુનેગારના સંસર્ગમાં આવે અને ગુનાખોરીના માર્ગે ચડે તેવી શકયતાને ધ્યાને લેતાં અને ઉપરોકત હકિકત ધ્યાને લઈ કાયદામાં ઠરાવેલ મહતમ સજા નહિ કરતાં આરોપીની ગુના કબુલાતનો સ્વીકાર કરી નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**// આ ખ રી હુ ક મ //**

આરોપી અતુલભાઈ ભીખુભાઈ મોવલીયા, ઉ.વ.૩૪ રહે. ચુડા, તા.ભેસાણ, જી. જુનાગઢવાળાને ક્રિ.પ્રો. કોડની કલમ ૨૫૨ અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ: ૬૬(૧)(બી) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી સદરહુ આરોપીને દિન – ૧૪ ની સાદી કેદની સજા તથા રૂા.૫૦/– અંકે રૂપિયા પચાસ પુરાનો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો દિન–૧ (એક)ની સાદી કેદની સજા કરવામાં આવે છે. ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૪૨૮ મુજબ આ કામે આરોપીએ ભોગવેલ સજા મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૦૧ લી, માહે : જાન્યુઆરી, સને –૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ભેસાણ
તા. ૦૧– ૦૧–૨૦૧૯ .

**(દિનેશકુમાર મોતીલાલ સિંઘલ)**
જયુડીશ્યલ મેજી.ફર્સ્ટ.કલાસ, ભેસાણ
કોડ નં.જીજે૦૧૩૦૩.